## આઈ.આઈ.ટી.જી.એન.ના કેમ્પસમાં

# સ્ટુડન્ટસે હિન્દી મુશાયરામાં શાયરીની રમઝટ બોલાવી

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરના ન્યુ કેમ્પસ પાલેજ ખાતે 'હિન્દી દિવસ'ની ઉજવણી કરાઈ હતી. જેમાં આઈઆઈટીજીએનના ડાયરેક્ટર સુધીર જૈન દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરીને સ્ટુડન્ટસને હિન્દી ભાષાના મહત્વ વિશે સમજાવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં સ્ટુડન્ટસે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટસ દ્વારા ડ્રામાં દ્વારા હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યુ હતુ.જેમાં સ્ટુડન્ટસ દ્વારા હિરરાંજાના પ્રેમને દર્શાવતું નાટક ભજવ્યુ હતુ.આ સાથે આઈઆઈટીના




સ્ટુડન્ટસ દ્વારા હિન્દી મુશાયરો પણ યોજવામાં આવ્યો હતો.જેમાં હિન્દી ભાષાની શાયરીઓ રમઝટ સ્ટુડન્ટસ દ્વારા બોલાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આજે મોટાભાગના સ્ટુડન્ટ પોતાના કેરિયર ગ્રોથ માટે ઈંગ્લિશ ભાષા તરફ વધારે વળ્યા છે ત્યારે ભારતની ટોચની કહી શકાય એવી આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટસ પણ હિન્દી ભાષાનો પ્રચાર-પ્રસાર આ પ્રકારે કરી રહ્યા છે.જે દરેકે સ્ટુડન્ટસ માટે ભાષાનું ગૌરવ સમાન છે.